**ગુજરાતી** **ધોરણ : 8** **પ્રથમ સત્ર**

**પાઠ-1 સાઇકલ-સવારીની ખાટીમીઠી** એકમ ટેસ્ટ કુલ ગુણ ૨૫

**પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના જવાબ એક કે બે વાક્યમાં લખો.** **[૫ ગુણ]**

૧. લેખકના કેશુમામા ચલાળાથી શું લઈને આવ્યા હતા?

---

૨. લેખકને પહેલ વહેલું સાઇકલ પર બેસવાનું સ્મરણ કયું છે?

---

૩. સાવરકુંડલાના વહોરાજીએ ગામમાં શું ખોલ્યું હતું?

---

૪. ગામડાના રસ્તા કેવા હતા?

---

૫. સાઇકલ ચલાવતા શીખતી વખતે લેખકને હાથ પગે શું થતું હતું?

---

**પ્રશ્ન ૨. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૫ ગુણ]**

(આશ્ચર્યમુગ્ધ, ઘેલું, અસાધારણ, કૂતરું, ભીંત)

૧. આજથી ૫૦ કરતાં પણ વધુ વર્ષ પહેલાં સાઇકલનું કેવું તો ______ હતું.

૨. બહારગામથી કોઈ સાઇકલ લઈને આવે તો અમે ______ થઈને નિહાળતા.

૩. કલાકનો એક આનો ભાડું એય ______ લાગતું.

૪. રસ્તામાં ______ બેઠું હોય એટલે મિત્રો કહે, 'તારવ! વારવ!'

૫. સાઇકલ ધડામ કરતી ______ સાથે ભટકાય.

**પ્રશ્ન ૩. નીચે આપેલા ગદ્યખંડને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.** **[૫ ગુણ]**

સાઇકલ ચલાવતાં બરાબર આવડ્યું ત્યાં સુધીમાં પરાક્રમો પણ રોમાંચક છે. બધા કહે, સામે જો – હૅન્ડલ ઉપર નહિ. ઘંટડી વગાડવાનું બંધ રાખ અરે ! પૅડલ મારવાનું ચાલુ રાખ! પણ એનો મેળ રહે નહિ. એમાંય રસ્તામાં કૂતરું બેઠું હોય એટલે મિત્રો કહે, 'તારવ! વારવ!' ત્યાં તો કૂતરું વહાલું હોય એમ એની ઉપર સાઇકલ ચડી જાય. મિત્રો કૂતરું કરડવાની બીકે સીટ છોડી દે, પછી જે થવાનું હોય તે થાય જ બીજી બાજું કૂતરું ઊંહકારો કરતું ભાગે, કાં તો સામે ઘૂરકે. કપડાં ધૂળ ધૂળ થઈ ગયાં હોય એની તો નવાઈ નહોતી. બજાર વચ્ચે પડવાની હાણ ખાસ્સી લાગે.

૧. સાઇકલ ચલાવતા શીખતી વખતે મિત્રો લેખકને કઈ કઈ સૂચના આપતા હતા?

---

૨. રસ્તામાં કૂતરું બેઠું હોય ત્યારે શું થતું હતું?

---

૩. બજાર વચ્ચે પડી જવાથી લેખકને શું લાગતું?

---

૪. ગદ્યખંડમાં લેખકના કયા પરાક્રમની વાત કરવામાં આવી છે?

---

૫. કૂતરું સાઇકલ ચડ્યા પછી કેવી પ્રતિક્રિયા આપતું હતું?

---

**પ્રશ્ન ૪. સૂચના મુજબ કરો. [૫ ગુણ]**

**૧. નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.**

દગો દેવો: અર્થ: ________________________________________________

વાક્ય:____________________________________________________________

**૨. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

જમીન ઉપર સૂવું તે: એક શબ્દ: ___________________________________

**૩. નીચે આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

આરોહણ x ______

**૪. 'સ્વર' અને 'વ્યંજન' વચ્ચેનો મુખ્ય તફાવત શું છે?**

---

**૫. 'પંક્ચર' શબ્દનો અર્થ શું થાય છે?**

---

**પ્રશ્ન ૫. નીચેના પ્રશ્નોના જવાબ બે થી ત્રણ વાક્યમાં લખો. [૫ ગુણ]**

**૧. લેખકને સાઇકલ ચલાવવાનો ખરો આનંદ ક્યારે મળતો હતો?**

---

---

**૨. બાળપણના પ્રથમ અનુભવો શા માટે ભૂલાતા નથી? 'સાઇકલ-સવારીની ખાટીમીઠી' પાઠના આધારે તમારા શબ્દોમાં સમજાવો.**

---

shikshansagar.com Shikshan Sagar The Ring of Education